NAVSARI AGRICULTURAL UNIVERSITY

કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
પરિયા, તા. પારડી, જી. વલસાડ, ૩૯૬ ૧૪૫

| | |
|---|---|
| **ડો. ડી. કે. શર્મા** | ઇ-મેલ : aesparia@nau.in |
| **સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)** | મોબ.૮૧૨૮૯૮૮૯૭૨ |


# -: જાહેરાત :-

આથી તમામ ખેડૂત ભાઈઓ તેમજ બહેનોને જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટીના કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા હસ્તકની મોડેલ નર્સરી માંથી આંબાની વિવિધ જાતોની ભેટ કલમ અને સોનપરીની ચીપિયા કલમોનુ વેચાણ કરવામાં આવે છે. જે માટે ઓન-લાઇન અરજીઓ તારીખ ૧ લી એપ્રિલ, ૨૦૨૪ (૧-૪-૨૦૨૪) થી ૧૫ મી એપ્રિલ, ૨૦૨૪ (૧૫-૦૪-૨૦૨૪) સુધી સ્વીકારવામાં આવશે. કલમો માટેની અરજી નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબ સાઇટ www.nau.in પરથી ભરી શકશે અથવા સીધું https://eshop.nau.in વેબસાઇટ ઓપન કરી કલમોની નોંધણી કરાવી શકશે. ઓનલાઇન કરેલ અરજીઓ જ ગ્રાહ્ય રાખવામાં આવશે. જે માટે સૌ પ્રથમ વેબસાઇટ https://eshop.nau.in પર જઇ Farmer Registration (ખેડૂત તરીકેની નોંધણી) કરવું. ત્યાર બાદ ફરીથી e-shop પર જવું અને Sign in કરવું એટલે વિવિધ કેન્દ્રોની જાહેરાત દેખાશે.

કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા કેન્દ્ર પરથી આંબાની વિવિધ જાતોની ભેટ કલમ અને સોનપરીની ચીપિયા કલમ લેવી હોય તો પરીયા કેન્દ્રની જાહેરાત ખોલી માંગ્યા મુજબની વિગતો ભરી કલમોની નોધણી કરવી. ભેટ કલમની ફાળવણી અંદાજે ઓગસ્ટ માસમાં કરવામાં આવશે જ્યારે ચીપિયા કલમ ઓક્ટોબર માસમાં આપવામાં આવશે. ઓનલાઈન અરજી મંજુર થયા બાદ તે માટે રજીસ્ટર મોબાઇલ ઉપર SMS આવશે. ત્યારબાદ ઓનલાઈન ઓર્ડરની પ્રિન્ટ સાથે ખેડૂત ખાતેદારના પુરાવા તરીકે અરજીમાં ખેડૂતે દર્શાવેલ આધારકાર્ડની નકલ અને ૭-૧૨ તેમજ ૮-અની નકલ સહી કરીને કેન્દ્ર ખાતે ઓર્ડરમાં દર્શાવેલ તારીખ, સમય **(રિસેસ સમય ૧૨:૦૦ થી ૦૨:૦૦ સિવાય)** અને સ્થળ પર હાજર રહી જમા કરાવાનું રહેશે અને પેમેંટ ચૂકવણી કરી આપની કલમ લઇ જવાની રહશે.

**તા.૩૧/૦૩/૨૦૨૪, પરીયા**

**સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)**
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરિયા